# વડનગરમાં તાના-રીરી મહોત્સવનો પ્રારંભ







મહેસાણા, તા.૧૦

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે સંગીત સામ્રજ્ઞી તાના-રીરીની યાદમાં દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.ગુજરાતની સાંસ્કૃતિક નગરી વડનગરના આંગણે સંગીત અને સૂરના સમન્વયને સાર્થક કરતો તાના-રીરી મહોત્સવ વિશ્વ કક્ષાએ ખ્યાતિ પામ્યો છે. જેનો દ્વિ- દિવસીય તાના-રીરી મહોત્સવનો પ્રારંભ રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે કરાવ્યો હતો. તાના-રીરી મહોત્સવ શુભારંભ પ્રસંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું ગુજરાતના વિકાસ અને તેની સંસ્કૃતિને વિશ્વ સુધી મુકવાનું કામ વડનગરના સપૂત ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩થી તાના-રીરી મહોત્સવ પ્રારંભથી કર્યો છે અને તેના દ્વારા સંગીત અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. તેમણે વડનગરની આ સંગીત યાત્રાને વિશ્વકક્ષાએ પહોંચાડવા સૌ કોઈને અનુંરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ભારતના વડાપ્રધાને ભારતીય સંસ્કૃતિને દુનિયા સુધી પહોંચાડવાનું કામ કર્યુંછે. આ દિવસે વિવિધ ક્ષેત્રના નામાંકિત કલાકારો તેમની કલાનો લાભ આપી રહ્યા છે. તેમણે આ પ્રસંગે યોજાયેલ શાસ્ત્રીય સંગીતનો સાંસ્કૃતિક વારસો જાળવી રાખતા પ્રદર્શનને નિહાળવા લોકોને અપીલ કરી હતી. યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે તાના-રીરી મહોત્સવમાં સંગીતક્ષેત્રના નામાંકિત કલાકારો પોતાની સંગીત કલા પ્રસ્તુત કરતા હોય છે.તાના-રીરીનો ઈતિહાસ આજે વડનગરનો નહિ પરંતુ સમગ્ર રાષ્ટ્રનો ઈતિહાસ બન્યો છે.તાના-રીરીએ સંગીતમાં બલિદાન આપી સ્વમાનનો રસ જાગૃત કર્યો છે. અવાજ એ ઈશ્વરની સૌથી મોટી ભેટ છે.

તાના-રીરી મહોત્સવનો પ્રારંભ નૃત્યાંગના બેલડી નલીની-કમલીનીએ કરાવ્યો હતો. આ બેલડીએ કથ્થક શાસ્ત્રીય નૃત્ય કરીને મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો.ત્યારબાદ ૨૦૧૦ના તાના-રીરી મહોત્સવમાં વડનગર ખાતે ૯૯ કલાક,૯૯ મિનિટ અને ૯૯ સેકન્ડનો અને ૧૮૯ રાગ અને ૨૭૯ બંદીશની પેશકશ સાથે વિશ્વ વિક્રમ પ્રસ્થાપીત કરનાર સ્વરાધિકા પંચમ ધારીએ ગાયન રજુ કર્યું હતું. તાના-રીરી મહોત્સવમાં તાના-રીરીની ૨૦૦૩થી આજ દિન સુધીની સફરના વિડીયો ડોક્યુમેન્ટરીનું નિર્દશન કરવામાં આવ્યું હતું. આ પ્રંસગે સુંદર રંગોળી તાના-રીરી વિષય પર લખી લોકોને મંત્ર મુગ્ધ કરનાર રાહુલ સ્વામીનું નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ અને મંત્રી દ્વારા સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

મુંબઈથી આવેલ કલાકાર સુશ્રી કલા રામનાથે વાયોલીન વાદન કરી કલારસિરોને મંત્ર મુગ્ધ કર્યા હતા.આ ઉપરાંત અમદાવાદના સુશ્રી અમીપરીખ દ્વારા ગાયન અને ચિત્રાંગના આંગલે ઈન્દોર દ્વારા પખાવજવાદન રજુ કરાયું હતું.આ સંગીત મહોત્સવમાં કલારસિકો સંગીત, મર્મજ્ઞો અને તાલના સમર્થકો કલાકારોના સ્વર અને સૂરમાં તલ્લીન બની ગયા હતા. કાર્યક્રમમાં રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના સચિવ વી.પી.પટેલ, જિલ્લા કલેકટર આલોક કુમાર, સંગીત નાટક અકાદમી ગાંધીનગરના યોગેશ ગઢવી,જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.લાંગા, જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલિક ધારાસભ્ય સર્વે ઋષિકેશભાઈ પટેલ, નારાયણભાઈ પટેલ, અગ્રણી સોમભાઈ મોદી, સુનિલભાઈ મહેતા, અધિક કલેકટર રમેશ મેરજા, આસીટન્ટ કલેકટર અરૂણ મહેશ બાબુ સહિત જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, કલારસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તર ગુજરાતની બેંકોમાં વહેલી સવારથી કતારો જામી








અરવલ્લી, તા. ૧૦

કેન્દ્ર સરકાર દ્વારા મંગળવારે રાત્રે અચાનક કરાયેલી જાહેરાત બાદ રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ હવે માત્ર કાગળનો ટુકડો બની ગઈ છે. કેન્દ્ર સરકારની જાહેરાત પછી બુધવારે બેંકો, એટીએમ બંધ રાખવામાં આવ્યા હતા ત્યાર બાદ ગુરૂવારે ફક્ત બેંકો દ્વારા કેન્દ્ર સરકાર અને આર.બી.આઈ.ના નિયમ અનુસાર બેંકમાં લેવડ-દેવડ શરૂ કરવામાં આવતા અને ૫૦૦ રૂ. અને ૧૦૦૦ રૂ.ની જુની નોટોના બદલામાં ૪૦૦૦ રૂ.ની નવી નોટો કે ૧૦૦ના ચલણમાં રૂપાંતરીત કરી આપવાનું શરૂ કરાતા ઉત્તર ગુજરાતની તમામ બેંકોમાં નોટો બદલાવવા ભારે ભીડ જોવા મળી હતી. બેંકમાં લોકો ભીડ બેકાબુ બને તદ્‌ઉપરાંત કોઈ અકલ્પનીય ઘટના ન બને તે માટે પોલીસ કાફલો બેંકના સત્તાવાળાઓ દ્વારા ખડકી દેવાયો હતો. અચાનક લાદેલા પ્રતિબંધથી ઉત્તર ગુજરાતમાં ધંધા-રોજગારમાં ભારે મંદીનો માહોલ પેદા થયો છે.

## ઉત્તર ગુજરાતના માર્કેટયાર્ડમાં મંગળવાર સુધી લે-વેચ સ્થગીત

ઉત્તર ગુજરાતના તમામ માર્કેટયાર્ડોમાં રૂ. ૫૦૦ અને ૧૦૦૦રૂ.ની નોટો બંધ કરવામાં આવતા ખેતપેદાશોની હરાજી ૧૫ નવેમ્બર સુધી મુલત્વી રાખવાનો નિર્ણય લીધો હતો. ખરીફ પાક તૈયાર હોવા છતા રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટો બંધ કરવાના પગલે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. મોડાસા શહેરમાં ચાલુ દિવસે સતત ધમધમતા માર્કેટયાર્ડમાં રીતસરના કાગળા ઉડતા હોય તેવી સ્થિતિ જોવા મળી હતી.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ મંગળવારે રાત્રીના ૧૨ વાગ્યાથી બંધ કરવાની જાહેરાત કર્યા બાદ નાણાકીય વ્યવહારો ખોરવાઈ ગયા છે. માર્કેટયાર્ડ, જ્વેલર્સ, કાપડ માર્કેટ, હોટલ, પેટ્રોલ પંપ પર ઘણી જગ્યાએ ઘર્ષણની સ્થિતિ યથાવત રહી છે. બન્ને જિલ્લામાં બુધવારે બેંકો અને એટીએમ મશીનો બંધ રહ્યા પછી ગુરૂવારે ઉત્તર ગુજરાતની બેંકો નાણાકીય લેવડ-દેવડ માટે આરબીઆઈની ગાઈડલાઈન્સ મુજબ ખુલ્લી રહેતા જૂની રૂ. ૫૦૦ અને ૧૦૦૦ રૂ.ની નોટો બદલાવવા માટે વહેલી સવારથી જ બેંકોની આગળ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. બેંકો શરૂ થતાની સાથે જ લોકોએ પડાપડી કરી મુકતા શરૂઆતમાં બેંકના કર્મચારીઓ અને પ્રજાજનો વચ્ચે ઘર્ષણની સ્થિતિ પેદા થઈ હતી. મોડાસા શહેરની તમામ બેંકોમાં ૪૦૦૦ રૂ.ની નોટો બદલાવવા બેંકની અંદર તેમજ બહારની બાજુએ એકાદ કી.મી. લાંબી-લાંબી લાઈનો લગાવી પ્રજાજનો આખો દિવસ ઉભા રહી નોટો વટાવી હતી. મધ્યમવર્ગીય તેમજ નોકરીયાત વર્ગના લોકો અને મજુરી કામ કરતા લોકોએ એક દિવસ બગાડવાની નોબત આવી હતી. મજુરી કામ કરતા લોકોએ તો નિસાસા નાખી ૪૦૦૦ રૂ.ની નોટો બદલાવવા માટે ૨૫૦ રૂ. થી ૫૦૦ રૂ. સુધીની મજુરી ખોવાનો વારો આવ્યો હતો. ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ગામડા પ્રજાજનોએ ખેતી કામથી અળગા રહી નોટો બદલાવવા લાઈનમાં ઉભા રહેવુ પડ્યુ હતુ.



રાજસ્થાનમાં રામદેવપીરની તીર્થભૂમિ રણુજામાં રામાયણ કથાના પ્રકાંડ વક્તા પૂ.મોરારી બાપુની માણસ રામદેવપીર કથા ચાલી રહી છે.જેમાં અરવલ્લી -સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો કથાશ્રવણ કરી રહ્યા છે. પૂ. બાપુએ માનસ રામદેવપીર કથાના આજે છઠ્ઠા દિવસે રામદેવજી સમાધિ, ડાલીબાઈ અને હરભુજીના પ્રસંગોની કથા કહી હતી અને સ્વમુખે રામદેવપીરનો હેલોનું ગાન કરતા લખો શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા.મોડાસાના મોટી ઈસરોલથી રામદેવ ઉપાસક પૂ. હીરાદાદા બાવજી અને ભાવિકો પણ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા.

## નિર્ણય અફર છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈને પોતાનું કામ કરવા અપીલ કરતા કહ્યું હતું કે તેમને ડરવાની જરૂર નથી. જે લોકોની પાસે મોટા પ્રમાણમાં બિનહિસાબી સંપત્તિ છે તેમને જ કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરવો પડશે. નોટ બેનના અહેવાલ આવતાની સાથે જ સોનાની વધી ગયેલી ખરીદી અંગે પૂછવામાં આવતા નાણામંત્રીએ કહ્યું હતું કે જે લોકો સોનુ વેચી રહ્યા છે તેમની પણ જવાબદારી બને છે. પાનકાર્ડ જરૂરી છે. તેમને પણ પૂછવામાં આવશે કે સોનું કોને વેચવામાં આવી રહ્યું છે. નાણામંત્રીએ કહ્યું હતું કે ભારતીય અર્થવ્યવસ્થાના મામલા સાથે જોડાયેલી નિર્ણય પ્રક્રિયાની વિશ્વસનિયતાને અમલી કરવા માટે શરૂઆતથી જ પડકારો રહેલા છે.

## પાણી-વીજબિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂકવણી, ટેક્સ, ચાર્જ અને ફીની ચૂકવણી માટે કરી શકાશે. જેમાં મ્યુનિસિપલ અને લોકલ સંસ્થાઓને ચૂકવણીનો સમાવેશ થાય છે. પાણી અને વીજળીના બીલ જેવા યુટીલીટી ચાર્જની ચૂકવણી માટે જૂની નોટનો ઉપયોગ કરી શકાશે. ૧૧મી નવેમ્બરે અડધી રાત સુધી આવી તમામ સુવિધાઓ પર જૂની નોટ ઉપલબ્ધ રહેશે.

## સાવધાની જરૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી જૂની નોટ બંધ કરી દેવામાં આવી હતી. હાલમાં આવી જૂનો નોટી બેંકો અને પોસ્ટ ઓફિસમાં બદલવામાં આવી રહી છે. બેંકમાં આઈડી પ્રૂફ આપતી વેળા પણ સાવધાની રાખવા માટેની સૂચના આપવામાં આવી છે. આઈડી પ્રૂફના ખોટા ઉપયોગની શક્યતા પણ રહેલી છે. આવી શંકાને ધ્યાનમાં લઈને જ્યારે ફોટોકોપી પર તારીખ અને જમા કરનાર રકમ લખી દેવામાં આવે તો તેના દુરૂપયોગને ટાળી દેવાયા છે. જૂની નોટ ભરાવનાર લોકોને આવી સાવધાની રાખવી પડશે.

## અફડાતફડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે બેંકોની બહાર જોરદાર ભીડ રહી હતી. સરકાર આ બાબત માનીને ચાલી રહી છે કે ૨.૫ લાખ રૂપિયા સુધી ગૃહિણી બચાવી શકે છે પરંતુ આના કરતા વધારે રકમ મળવાની સ્થિતીમાં ઈન્કમ ટેક્સ વિભાગ તપાસ કરશે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ સવારથી જ સામાન્ય જનજીવન ઉપર તેની અસર જોવા લાગી હતી. આજે બેંકો ખુલતાની સાથે જ લોકો બેંકમાં પહોંચવા લાગી ગયા હતા. જુની નોટને બદલી નાંખવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ લોકોની પાસે ૧૦૦, ૫૦ અને તેનાથી ઓછા દરની નોટ ન હોવાની બાબત મુશ્કેલીરૂપ બની રહી છે જેથી જનજીવન પર અસર થઈ રહી છે. નોટ પર પ્રતિબંધના કારણે ભારે અફરાતફરી રહી હતી.

## આર્થિક કટોકટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલા પ્રતિબંધના નિર્ણય ઉપર સ્ટે મુકવાની માંગ કરતી અરજીનો ફગાવી દીધી છે. ટીએમસી અને ડાબેરીઓએ પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ કહ્યું છે કે મોદી સરકારે દેશમાં બિનજાહેર આર્થિક ઈમરજન્સી લાદી દીધી છે. માયાવતીએ કહ્યું છે કે ઉંચી મોટી નોટ ઉપર પ્રતિબંધ મુકવાની હિલચાલના સંદર્ભમાં વધુ માહિતી આપવી જોઈએ.

## વ્યાપક દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રોકડ રકમને છુપાવવા માટે હવે કોઈપણ વિકલ્પ મળશે નહીં. આ પ્રકારના નોટ ધરાવનાર સામે તવાઈ છે. સરકાર ૨૦૦ ટકા સુધી દંડ લાગુ કરનાર છે. જો ગેરકાયદે આવક દેખાશે તો જંગી દંડ ફટકારવામાં આવશે. નાણામંત્રી અરૂણ જેટલીએ આજે ખાતરી આપતા કહ્યું હતું કે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ બદલાવી રહેલા લોકોને ચિંતાની કોઈ જરૂર નથી. માત્ર મોટી રકમ જે ગેરકાયદે લોકો ધરાવે છે તેની સામે જ કાર્યવાહી કરવામાં આવશે. આઈટી વિભાગના ટોચના અધિકારીઓએ બુધવારે જ કહ્યું હતું કે કરચોરીના કોઈ મામલા દેખાશે તો કાર્યવાહી કરવામાં આવશે. કાળા નાણાંને કઠોર હાથે ડામી દેવામાં આવશે.

## નોટો ઈસ્યુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધ્યાનમાં આવ્યું નહોતુ. એકંદરે નાગરિકોએ લાઈનમાં ઉભા રહીને ધીરજ દર્શાવી હતી તથા નવી ચલણી નોટો પ્રાપ્ત કરી હતી.


રિઝર્વ બેંકની ગાઈડલાઈન અનુસાર એક જ ગ્રાહકને ૪ હજારની ચલણી નોટો બદલી આપવામાં આવતી હતી પરંતુ જો ગ્રાહક તેના બેંક ખાતામાંથી નાણાં ઉપાડે તો તેને દિવસના વધુમાં વધુ ૧૦ હજારનો ઉપાડ કરવા દેવાયો હતો. ગ્રાહકોને જરૂરિયાત અનુસાર રૂ. ૨ હજાર, ૧૦૦, ૫૦, ૨૦ અને ૧૦ની નોટો ઈશ્યુ કરાઈ હતી. જો કે મોટા ભાગની બેંકોમાં રૂ. ૫૦૦ની નવી ચલણી નોટ આવી નહોતી તેથી અન્ય નોટોથી ગ્રાહકોનું ચુકવણું કરાયું હતું.

## બેંકોની આસપાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- મોટાભાગની બેંકોએ સિનિયર સિટીઝન માટે અલગ વ્યવસ્થા કરી હતી.
- ગ્રાહકોને કોઈપણ જાતની તકલીફ કે અગવડતા ન પડે તે માટે બેંક કર્મચારીઓ સતત માર્ગદર્શન આપતા નજરે પડ્યા હતા.
- શહેરની બેંકોમાં સવારથી સાંજ સુધી હકડેઠઠ ગ્રાહકોની ભીડ જામી હતી.
- બેંકોમાં લાવેલા રૂપિયા ખતમ થઈ જતા કેટલીક બેંકોએ ત્રણ વાર રૂપિયા મંગાવ્યા હતા.
- લારી-ગલ્લાવાળાઓ એને કમાણીના દિવસે વેપાર-ધંધા બંધ કરાવાતા વેપારીઓમાં રોષ જોવા મળ્યો હતો.
- છુટા રૂપિયાની લાઈનમાં ઉભા રહ્યા બાદ કંટાળાજનક લાગતા કેટલાક ગ્રાહકો ફરીવાર આવીશુ તેમ કહી ચાલતી પકડી લીધી હતી.
- શહેરમાં સવારના ૮ કલાકથી સાંજના ૭ વાગ્યા સુધી બેંકોમાં સતત ધમધમાટ જોવા મળ્યો હતો.
- બેંકની અંદર ભીડ જામે નહી માટે બેંક દ્વારા ફોર્મ અને ડોક્યુમેન્ટ વેરીફિકેશન કાઉન્ટર બહાર ઉભા કરાયા હતા.
- તમામ બેંકોનો મોટાભાગનો ૮૦ ટકા કર્મચારી વર્ગ ચલણી નોટો બદલી આપવાના કાર્યમાં રોકાયા હતા.
- કોઈપણ બેંકમાં રૂ. ૫૦૦ના મુલ્યની નોટ આવી નહોતી અને નાગરીકો રૂ. ૫૦૦ની નોટની માંગ કરતા હતા.
- બેંકોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર પર ભીડ જોવા મળી હતી.
- જોઈન્ટ એકાઉન્ટમાં પણ આજે બન્ને વ્યક્તિ હાજર હોય તો અથવા સહી કરેલી હોય તો જ એકાઉન્ટમાં રૂપિયા જમા થતા હતા.
- ટ્રાફિકમાં અડચણરૂપ ન થાય તે માટે પોલીસતંત્ર દ્વારા વાહનો યોગ્ય રીતે મુકવા સૂચનો આપવામાં આવ્યા હતા.
- સ્કૂલ કે કોલેજ કમ્પાઉન્ડમાં આવેલ બેંકોના પણ ચલણી નોટ બદલવા માટે વિદ્યાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી.

# પ્રાંતિજની બેંકોમાં ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટાને લઈને ધસારો





પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ વિવિધ બેંકો માં બેંક ગ્રાહકો સહિત ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો ભરવા માટે સવાર થી જ બેંકો માં લાંબી- લાંબી કતારો જોવાં મળીહતી અને લોકોએ પાસે રહેલ ૫૦૦- ૧૦૦૦ની ચલણી નોટો બેંકો માં ભરી ને હાશકારો અનુભવ્યો હતો. ભારત સરકાર દ્વારા આઠ નવેમ્બર થી ૫૦૦- ૧૦૦૦ની ચલણી નોટો એકાએક બંધ કરતાં સામાન્ય માણસથી લઈને કર્મચારીઓ, બિલ્ડરો સહિત ના લોકોમાં ૫૦૦- ૧૦૦૦ ની ચલણી નોટો ને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું જયારે નાના-મોટા વ્યવહારો ઠંબ થઈ ગયા હતાં .

સરકાર દ્વારા ઓપશન માં બેંક માં ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો પરત બેંકોમાં સ્વિકારવામા આવતાં એક દિવસ બાદ બેંકો ખુલતાં બેંકોમાં ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો પરત ભરવાં જણાવતાં સામાન્ય માણસથી લઈને નાનામોટા લોકો બેંકમાં ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો ભરવાં બદલવા માટે પ્રાંતિજ ખાતે આવેલ સ્ટેટબેંક,દેનાબેક,ગ્રામિણ બેંક, એચ.ડી.એફ.સી.બેંક, કેનેડા બેંક સહિત વિવિધ બેંકોમાં પોતાનાં ખાતાઓમાં ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો ભરી હાશકારો લીધો હતો.

જ્યારે કેટલાક લોકોએ ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો બેંકમાં ભરી ૨૦૦૦ ની નવી નોટો હાથમાં લઈને આનંદ વ્યકત કર્યો હતો જોકે પ્રાંતિજ માં સ્ટેટબેંક નાનીભાગોળ અને એચ.ડી.એફ.સી બેંક માં લોકોને પોતાનાં પૈસા બદલવા માટે મેનેજરોની તુમાખી શાહી ના કડવાં અનુભવો પણ થયા હતા ત્યારે સરકાર દ્વારા હાલતો ૫૦૦-૧૦૦૦ ની ચલણી નોટો પરત લેતાં બેંકોમાં વ્યવસ્થા કરવામાં આવતાં હાલતો લોકો નો ધસારો જોવાં મલી રહ્યો છે જયારે વિવિધ બેંકોમાં પોલિસ બંદોબસ્ત ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજની આઠ બેઠક પર પેટાચૂંટણીને લઈને તંત્ર સજ્જ બન્યું

પાલનપુર, તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત તેમજ પાલિકા ની એક વોર્ડ ની ખાલી પડેલ બેઠક પાર આગામી ૨૭ નવેમ્બર ના રોજ ચૂંટણી યોજાનાર છે ત્યારે જિલ્લા મથક પાલનપુર જિલ્લા સેવા સદન ખાતે આવેલ ચૂંટણી વિભાગ દ્વારા તમામ ત્યારી શરૂ કરી દીધી છેબનાસકાંઠા જિલ્લા પંચાયત ૩ બેઠક અને તાલુકા પંચાયત ની ૪ બેઠક અને ધાનેરા નગરપાલિકા ની ૧ વોર્ડ માટે ચૂંટણી પ્રકિયા હાથ ધરવામાં આવી છે.

જેમાં જિલ્લા પંચાયત ની માલગઢ,નાંદોત્રા ,અને અંબાજી બેઠક પર પેટા ચૂંટણી યોજાશે ત્યારે તાલુકા પંચાયતમાં પાલનપુર ની ચડોતર ૧, દાંતાની ખંઢોર ઉંબરી, ભાભર ની આંબાસણ અને દિયોદર ની એક બેઠક પર પેટાચૂંટણી માટે તડામાર ત્યારી શરૂ થઈ ગઈ છે આગામી ૨૭ નવેમ્બર શાંતિ પૂર્ણ માહોલ માં પેટ ચૂંટણી નું મતદાન સંપન્ન થયા બાદ ૨૯ નવેમ્બર ના રોજ મતગણતરી હાથ ધરવામાં




આવનાર છે જો કે બનાસકાંઠા જિલ્લા માં પેટા ચૂંટણી માં એક પણ ફોર્મ ન ભરાયા હોવાના માહિતી પ્રાપ્ત થઈ રહી છે